**Name OF Work**: -

**Construction of Various Category Quarters in Ahmedabad City (Addition, Alteration, Upgradation and Modernization of Campus, Landscaping and Beautification of Gardens and other Beautification work in Campus of Govt. Bunglow No. 4 to 30 at Dafnala, Shahibaug, Ahmedabad)**

## કામ માટેની અગત્યની શરતો:-

(૧) દરેક આઇટમમા દર્શાવ્યા પ્રમાણેની કંપનીનો માલસામાન લાવવાનો રહેશે. જે જગ્યાએ આઇટમ ની કંપની દર્શાવવી ના હોઇ તે માલ તાબાના ક્ષેત્રીય અધિકારી જે બ્રાન્ડ સુચવે તે મુજબનો સ્ટાન્ડર્ડ માલ-સામાન લાવવાનો રહેશે .

(૨) સદરહુ કામ ગવર્મેન્ટ બંગલો કેમ્પસ, દફનાળા, શાહીબાગ, અમદાવાદ ખાતે કરવાનું રહેશે.

(૩) સદરહુ કામ ગવર્મેન્ટ બંગલો કેમ્પસ, દફનાળા, શાહીબાગ, અમદાવાદ ખાતે કરવાનુ હોઇ રજાના દિવસે પણ કામગીરી કરવાની રહેશે. જેથી સમયમર્યાદા વધારા માટે આ કારણ વ્યાજબી ગણાશે નહી. વળી સદરહુ કામ અધિકારીની અનુકુળતાના સમયે કરવાનુ રહેશે. રાત્રીના સમયે કામગીરી અધિકારીની પૂર્વ મંજૂરી મેળવ્યા બાદ જ કરવાની રહેશે.

(૪) આ કામ ગવર્મેન્ટ બંગલો કેમ્પસ, દફનાળા, શાહીબાગ, અમદાવાદમા કરવાનુ હોઇ અને ગવર્મેન્ટ બંગલો કેમ્પસ, દફનાળા, શાહીબાગ, અમદાવાદ સુરક્ષાની દ્રષ્ટીએ મહત્વતા ધરવાતું હોઇ કારીગર મજુર કામ કરે તે સમય દરમ્યાન કોઇ અનઈચ્છનીય ઘટના ન બને તેની જવાબદારી ઠેકેદારની રહેશે.

(૫) રોજબરોજ કામ કર્યા બાદ કામની જગ્યાની સાફ સફાઈ નિયમિત કરવાની રહેશે.

(૬) કામની દરેક આઇટમ હાથ ધરતા પહેલા કામનુ ૧ સેમ્પલ બનાવી એપ્રુવ કરવાનુ રહેશે ત્યારબાદ આગળની કામગીરી રહેશે.

(૭) ડીસ્મેનટલ માલ સામાન થોડા યા વધારે રોજે - રોજ કેમ્પસમાથી દુર કરવાનો રહેશે. જેના માટે વધારાના ખર્ચની નાણાંની માંગણી કરવાની રહેશે નહી.

(૮) કાયમ વાપરવાનો માલસામાન, કામની જગ્યાએ અડચણરૂપ ન થાય તે રીતે સ્ટોર કરવાનો રહેશે.

(૯) કામ ઉચાઇ ઉપર કરવાનુ હોઇ પાલખ / ફ્રેમ વર્ક અવર -જવર કરતા અધિકારી / કર્મચારી વગેરેને નડતરરૂપ ન થાય તે રીતે બાંધવાનુ રહેશે.

(૧૦) ગવર્મેન્ટ બંગલો કેમ્પસ, દફનાળા, શાહીબાગ, અમદાવાદ ખાતે કોઇ ખાસ પ્રસંગને અનુરૂપ બાંધકામનો માલસામાન તથા સ્કેફોલ્ડીંગ ઉપયોગમા લેવાનુ હોય તો પણ તે સમય દરમ્યાન ત્યાથી ખસેડી લેવાનો રહેશે અને તેના માટે વધારાની ખર્ચની માંગણી કરી શકાશે નહી.

(૧૧) કામ ચાલુ હોઇ ત્યારે આપના જવાબદાર સુપરવાઇઝર/ઈજનેર હાજર રાખવાના રહેશે અને જે કામ અંગેની વિભાગ તરફથી લેખિત સુચના આપે તે મુજબ ટેન્ડરને આધિન કામગીરી કરવાની રેહશે.

(૧૨) ઈજારદારશ્રીએ દરેક કામદાર/મજૂર/સુપરવાઈઝર ના ઓળખપત્ર તેમજ **P.F./E.S.I.** વિગેરે નિભાવવાના રહેશે.

(૧૩) ઈજારદારશ્રી ધ્વારા રાખવામા આવેલ સુપરવાઇઝર /મજુરો/સ્વીપર /કારીગર/કામદાર વિગેરેને જરૂરી હેન્ડગ્લોઝ મોઢાનુ માસ્ક અને જરૂરીયાત મુજબનુ હેન્ડ સેનેટાઈઝર ની વ્યવસ્થા ઈરજદારે પોતાના ખર્ચે કરવાની રેહશે .

(૧૪) ઈજારદારશ્રી ધ્વારા રાખવામા આવેલ સુપરવાઇઝર /મજુરો/સ્વીપર /કારીગર/કામદાર વિગેરેને શ્રમ-રોજગારના નિયમ મુજબ લેબર લો. નું પાલન કરવાનું રહેશે.

(૧૫) ઉપરોક્ત સુચનો પાલન કરવા માટે થનાર કોઈ પણ ખર્ચ ઈજારદારશ્રીએ જાતે ભોગવવાનો રહેશે. જે અંગે કોઇ હક્ક કે દાવો ગ્રાહ્ય રાખવામા આવશે નહી.

(૧૬) સદરહું કામ ઇજનેર ઇન્ચાર્જનાં માર્ગદર્શન મુજબ લાઇન લેવલ પ્રમાણે કરવાનું રહેશે. આ કામનાં લેવલના ડ્રોઇગ ઇજારદારે સબમીટ કરવાના રહેશે.

(૧૭) કામગીરી દરમ્યાન કોઈપણ જાતનો અકસ્માત ન થાય તે ખાસ કાળજી રાખવાની રહેશે. ઈજારદારશ્રીએ સેફ્ટીના સાધનો પુરા પાડી કામદારો પાસે કામગીરી કરાવવાની રહેશે. જો કોઈ કામગીરી દરમ્યાન કોઈ અકસ્માત કે આકસ્મિક સંજોગોમાં કામદારનું મૃત્યુ થશે, તો સંપૂર્ણ જવાબદારી ઈજારદારશ્રીની રહેશે.

ઠેકેદારશ્રીની સહી

નાયબ કાર્યપાલક ઈજનેર

શાહીબાગ (માર્ગ અને મકાન) સબ ડિવિઝન

અમદાવાદ